ગાંધીનગર સમાચાર

માઉન્ટ એવરેસ્ટની દ્વિતીય તબક્કા તાલીમમાં હેત જાનીએ 'એ' ગ્રેડ મેળવ્યો

# શાળા-કોલેજોમાં પ્રવેશ માટે વાલીઓની દોડાદોડ

## ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ ધો. ૧૦નું પરિણામ જાહેર થતા શાળા-કોલેજમાં પ્રવેશ માટે વાલીઓ-વિદ્યાર્થીઓ શૈક્ષણિક સંસ્થાઓના ધક્કા ખાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૬

ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ બાદ તાજેતરમાં જ ધો. ૧૦નું પરિણામ જાહેર થયું છે. પરિણામ બાદ પોતાના પાલ્યને સારી શાળા-કોલેજમાં પ્રવેશ અપાવવા માટે વાલીઓની દોડાદોડ વધી ગઈ છે. રૂબરૂ મુલાકાત ઉપરાંત આખો દિવસ નેટ પર સર્ચ કરી શાળા-કોલેજોમાં પ્રવેશની કાર્યવાહી થઈ રહી છે.

બાળક ધો. ૧૦ કે ધો. ૧૨માં આવે એટલે વાલીઓનું ટેન્શન વધી જાય છે. સૌ પ્રથમ તો બોર્ડની પરીક્ષામાં સારૂ પરિણામ મળે તે માટે વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓ પણ દોડાદોડ કરે છે. ટ્યુશન, કોચિંગ ક્લાસમાં પોતાના બાળકને લેવા મુકવા સહિતની કામગીરી આખુ વર્ષ નિભાવતા વાલીઓને સારૂ પરિણામ મેળવ્યા બાદ પણ શાંતિ મળતી નથી. સારી શાળા અને કોલેજમાં પોતાના બાળકને પ્રવેશ અપાવવા માટે વાલીઓ શૈક્ષણિક સંસ્થાઓમાં દોડાદોડ કરી મુકે છે.

ધો. ૧૦ના પરિણામ બાદ તુરંત જ માધ્યમિક શાળાઓમાં પ્રવેશની કાર્યવાહી શરૂ થઈ ચુકી છે. શહેરની નામાંકિત ગણાતી વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં સવારથી જ વાલીઓની ભીડ જોવા મળે છે. ગ્રાન્ટેડ ઉપરાંત નોન-ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ગાંધીનગર શહેરની આસપાસ આવેલા વિસ્તારોની સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોમાં પ્રવેશ માટે ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારોના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં પૂછપરછ માટે આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે શાળાઓમાં હેલ્પ ડેસ્ક ઉપરાંત માર્ગદર્શન સેમીનારોનું આયોજન થઈ રહ્યું છે. વિજ્ઞાન પ્રવાહ ઉપરાંત વાણિજ્ય પ્રવાહની શાળાઓમાં પ્રવેશ માટે પણ વિદ્યાર્થીઓ-વાલીઓની સારી એવી ઈન્કવાયરી આવી રહી છે.

તેવી જ રીતે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ બાદ મેડિકલ-એન્જીનિયરીંગના પ્રવેશની કાર્યવાહી શરૂ થઈ ચુકી છે. આ કોલેજોમાં પ્રવેશની કાર્યવાહી મોટાભાગે ઓનલાઈન થતી હોઈ વાલીઓ સંસ્થાઓમાં દોડાદોડ કરવાને બદલે કોમ્પ્યુટર સામે બેસી સર્ચ કરી રહ્યા છે. સારી સંસ્થાઓની શોધખોળની સાથે ગયા વર્ષે અટકેલા કટ ઓફ માર્કસની માહિતી અને ઉપલબ્ધ સીટોની જાણકારી તેઓ મેળવી રહ્યા છે. ઘણા વાલીઓએ વોટ્સએપ ગ્રુપ બનાવી માહિતીની આપલે કરવાનું શરૂ કર્યું છે.






@ગાંધીનગર

● નૃત્યમ્ સંસ્થા દ્વારા શુક્રવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે પગરવ કાર્યક્રમ યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા સાંજે ૫.૩૦ કલાકે હરી ઓમ વ્યાસના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૩/૧, કોલવડાનગર, સેક્ટર-૨૮ ખાતે મા રૂકમામ્બા સપ્તસતી પારાયમ યોજાશે.

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮ કલાકે સેક્ટર-૧૨, બલરામ મંદિર ખાતે લયબદ્ધ શ્વસન દ્વારા નિઃશુલ્કપણે કાર્યક્રમ યોજાશે.

# હેવી લાઈનના વીજ વાયરને અડકી જતા ડમ્પર સળગી ઉઠ્યુ

## કરંટ લાગતા જ ડ્રાઈવર ડમ્પરમાંથી કુદી જતા તેનો આબાદ બચાવ : ફાયરબ્રિગેડે આગ કાબુમાં લઈ ડમ્પર સળગીને ખાખ થતા બચાવી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં ભુમીપાર્ક સોસાયટી સામે આવેલી એક બાંધકામ સાઈટ પર રેતી ઠલવાઈ રહી હતી તે દરમિયાન હાઈડ્રોલીક ડમ્પર ઉપરથી પસાર થઈ રહેલા હેવી લાઈનના વીજ વાયરને અડકી જતા આગ ભભુકી ઉઠી હતી. કરંટ લાગતા જ સમયસુચકતા દાખવીને ડ્રાઈવર ડમ્પરમાંથી કુદી જતા તેનો જીવ બચી ગયો હતો. ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે આગ કાબુમાં લઈ ડમ્પરને સળગીને ખાખ થઈ જતા બચાવ્યુ હતુ.

બપોરના અરસામાં વાવોલ ગામના નાના ફાટકની નજીક આવેલી એક બાંધકામ સાઈટમાં રેતી-કપચીનો માલ ઉતરી રહ્યો હતો. જીજે.૧૮.એ.વી.૮૩૬૩ નંબરનું હાઈડ્રોલીક ડમ્પર ત્યાં આવ્યુ અને રેતી ઠલવવા હાઈડ્રોલીક ટ્રોલી ઉંચી કરી હતી. ઉપર હેવી લાઈનનો વીજવાયર પસાર થતો હતો તેના પર ડ્રાઈવરનું ધ્યાન ન હતુ અને ત્યાં ડમ્પરની ટ્રોલી અડી જતા કરંટ સાથે આગ લાગી હતી.

ડ્રાઈવરને કરંટ લાગતા જ તે કુદીને બહાર આવી જતા તેનો આબાદ બચાવ થયો હતો. તો બીજી તરફ ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ કરવામાં આવતા સિનિ. ફાયરમેન વિનુભાઈ પટેલ તથા રીચાર્ડસન તેમની ટીમ સાથે તાબડતોબ સ્થળ પર પહોંચી ગયા હતા અને વીજલાઈન બંધ કરાવીને પાણીનો મારો ચલાવી ડમ્પરને વધુ સળગતા અટકાવી દીધુ હતુ. ડમ્પરના તમામ ટાયરો સળગીને ખાખ થઈ ગયા હતા. જો કે ડ્રાઈવરની સમયસુચકતાથી તેનો જીવ બચવા પામ્યો હતો.



વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં એક વ્યક્તિ તેના છેલ્લા ચારેક માસથી સંબંધીને દાખલ કર્યા હોવાથી તેમની ખબર કાઢવા અવારનવાર આવતો હતો. આ ચાર માસમાં ત્રણ વાર તેના પગરખાં સિવિલ હોસ્પિટલમાંથી ચોરાઈ જતાં છેવટે તેણે આરએમઓને લેખિત રજૂઆત કરી હતી.

● સેક્ટર-૧૬માં એક કારની હડફેટે સ્કૂટરચાલક આવી ગયો હતો. આ અકસ્માતમાં સ્કૂટરચાલકને ઈજાઓ થવા પામી હતી.

● ગાંધીનગરની પ્રતિષ્ઠિત કંપની ટાટા કન્સલટન્સીમાં હાલ ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે. કુલ ૭૦૦ જેટલી વેકેન્સીસ માટે બીકોમ, બીબીએ, એમકોમ વગેરે કક્ષાના ફ્રેશર ઉમેદવારો માટે પણ ઉત્તમ તક છે.

# માઉન્ટ એવરેસ્ટની દ્વિતીય તબક્કા તાલીમમાં હેત જાનીએ 'એ' ગ્રેડ મેળવ્યો

ચિલોડા, તા. ૨૬

માઉન્ટ એવરેસ્ટ (સાગરમથ્થા) વિશ્વનું સૌથી ઊંચુ શિખર ગણાય છે. જેની ઊંચાઈ સમુદ્રતળથી ૮૮૪૮ મીટર એટલે કે ૨૯૦૨૮ ફુટ છે અને આ શિખરને સર કરવાની દરેક પર્વતારોહકની અદમ્ય અભિલાષા હોય છે. ચિલોડાના હેત જાનીએ ૧૭ હજાર ફુટ સર કરી સમગ્ર ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કર્યું છે.

પોતાની અભિલાષાને જીવંતરૂપ આપવા એક પછી એક પડકારોને ઝીલીને, મક્કમ મને પોતાની કેડીને કંડારતો ચિલોડા (મોટા) ખાતે રહેતો અને સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય, સેક્ટર-૨૩, ગાંધીનગરમાં ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતો ૧૫ વર્ષીય હેત જાનીએ માઉન્ટરીંગના દ્વિતીય તબક્કાની તાલીમ ૧૭૦૦૦ ફુટ પહોંચી સફળતાપૂર્વક પૂર્ણ કરી 'એ' ગ્રેડ મેળવેલ છે. આ ઉપરાંત તે ક્રોસ કેન્ટરી રેસમાં પણ ઉત્તીર્ણ થયેલ છે.

હેત જાનીએ બીજા તબક્કાની તાલીમ તા. ૨૪-૪-૨૦૧૬ થી ૨૧-૫-૨૦૧૬ દરમિયાન નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મ્યુન્ટરીંગ, ઉત્તર કાશીથી તેથલા બેઝ કેમપ કે જે સમુદ્રતળથી ૪૮૦૦ ફુટ, તેલ કેમ્પ ૮૨૦૦ ફૂટ, ગુર્જર હંટ ૧૧,૫૦૦ ફૂટ, બેઝ કેમ્પ ૧૨૩૦૦ ફુટ, આઈસ કેમ્પ ૧૩,૬૦૦ ફુટ અને સ્નોક્રાફટ ૧૭,૦૦૦ ફુટ ઉપરનાં પોઈન્ટો ઉપર ટ્રેકીંગ દ્વારા સફળતાપૂર્વક પહોંચ્યો છે. બેઝ કેમ્પ પોઈન્ટથી સ્નોક્રાફટ પોઈન્ટના રસ્તાઓ ખૂબ જ કપરા અને સીધા ચઢાણવાળા તેમજ ગ્લેશિયરવાળા છે. જ્યાં સતત હિમવર્ષા થાય છે અને ઓક્સિજન માઈનસ ૩ થી ૧૦ ટકા હોય છે. હેત જાની તેના અનુભવોમાં જણાવ્યું હતું કે 'બેઝ કેમ્પથી આઈસ કેમ્પ પોઈન્ટ વચ્ચે પર્યાપ્ત માત્રામાં ઓક્સિજન ન મળવાને કારણે હું બેભાન થઈ ગયો હતો. મને તુરંત જ જરૂરી ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી. ત્યારે ત્યાં હાજર મેડીકલ ઓફિસરે જણાવ્યું કે આપ વાપસ ચલે જાઓ', પરંતુ મારા દિલના ધબકારામાં, મારું લક્ષ્ય તો માઉન્ટ એવરેસ્ટ સર કરવાનું હોય ત્યારે હું પાછો કેવી રીતે જાઉ ? ફક્ત બે કલાકમાં જ રીફ્રેશ થઈને મેં મારું ટ્રેકીંગ શરૂ કર્યું હતું.

હેત જાની ત્રીજા તબક્કાની તાલીમ સિક્કિમ ખાતે આવેલી કાંચન જંઘાના બર્ફીલા પહાડોમાં મેળવશે. જે ભારત - નેપાળનાં બોર્ડર ઉપર છે. જેની ઉત્તરે તામુર નદી, દક્ષિણે લોનાર્ક ચુ નદી છે. કાંચન જંઘા હિમાલયનું બીજું શીખર છે. કાંચન જંઘાની સર્વોચ્ચ શિખરની ઉંચાઈ સમુદ્રતળથી ૨૮,૧૬૯ ફુટ છે. જે માઉન્ટ એવરેસ્ટથી ૮૫૯ ફૂટ ઓછી છે.






# ચિલોડા-દહેગામ પંથકમાં તસ્કરોનો પગ પેસારો

## શિહોલી પાસે સ્થિત ટ્રેક્ટરના શૉ રૂમનું શટર ઊંચુ કરી તસ્કરો ૧.૫૫ લાખની મત્તા અને દહેગામની વૃંદાવન સોસાયટીમાં એક મકાનમાંથી ૩.૦૬ લાખની મત્તાની ચોરી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના ચિલોડા-દહેગામ પંથકમાં તસ્કરોએ પુનઃ પગપેસારો કરી મુક્યો હોવાના સંકેત મળી રહ્યા છે. મહિનાઓ અગાઉ આ પંથકમાં તસ્કરોએ તરખાટ મચાવ્યા બાદ પોલીસની વિશેષ સક્રીયતાથી આ વિસ્તારોમાં ચોરીઓ ઘટી હતી હવે ફરી તસ્કરો સક્રીય થતા પોલીસ દોડતી થઈ છે. ચિલોડા નજીક શિહોરી સ્થિત એક ટ્રેક્ટરના શૉ રૂમમાં ત્રાટકેલા તસ્કરો રૂ. ૧.૫૫ લાખની મત્તા તથા દહેગામની વૃંદાવન સોસાયટીના એક મકાનમાંથી રૂ. ૩.૦૬ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયાની ઘટના બનવા પામી છે. પોલીસે ગુના નોંધી વધુ તપાસ આરંભી છે.

ચંદ્રાલા ખાતે રહેતા વિરલભાઈ પટેલને શિહોલી ગામની સીમમાં શ્રી ઉમીયા ટ્રેક્ટર્સ શૉ રૂમ આવેલો છે. ગઈ રાત્રી દરમિયાન તસ્કરો આ શૉ રૂમને ટાર્ગેટ બનાવી શટરને કોસ જેવા મજબુત લોખંડના સાધન વડે ઊંચુ કરી અંદર ઘુસ્યા હતા. રૂ. ૧ લાખ રોકડા, ૩૫ હજારની કિંમતનું લેપટોપ, પાંચ હજારની કિંમતનો કેમેરો તથા સીસીટીવી કેમેરાના ફુટેજ જ્યાં સ્ટોર થાય તે ડીવીઆર મશીન મળી કુલ રૂ. ૧.૫૫ લાખનો મુદ્દામાલ ચોરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ચિલોડા પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે. તો બીજી તરફ દહેગામના વૃંદાવન સોસાયટીમાં પણ ચોરી થવા પામી હતી. મકાનમાં રહેતા મગનભાઈ પટેલ તેમના પરીવાર સાથે રાત્રે ઉપરના માળે સ્થિત અગાસીમાં સુવા ગયા હતા તે દરમિયાન ઉપરના માળેથી દરવાજો ખોલીને તસ્કરો મકાનમાં ઘુસ્યા અને નીચેના માળે જઈ દિકરાના રૂમમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૨૦ હજાર અને મોબાઈલો મળી કુલ રૂ. ૩.૦૬ લાખનો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતા. દહેગામ પોલીસે આ ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.





## જી.પી.એસ.સી. વર્ગ-૧-૨ના વિદ્યાર્થીઓ માટે ૨૯મીએ સેમીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા આગામી તા. ૨૯મી મે ને રવિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સમાજના જી.પી.એસ.સી. વર્ગ-૧-૨ પ્રીલીમ પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશન અને સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમીનાર દરમિયાન મુખ્ય પરીક્ષાનું માર્ગદર્શન તથા ટાઈમટેબલ નક્કી કરવામાં આવશે. આ કાર્યક્રમ અંગે વધુ વિગત મેળવવા માટે ફોન નં. ૦૭૯-૨૩૨-૨૬૪૪૪ ઉપર સંપર્ક કરવા કાર્યાલય મંત્રી જશવંતસિંહ ગોહિલે જણાવ્યું છે.

## નૃત્યમ સંસ્થા દ્વારા આજે ભરત નાટ્યમ્ કાર્યક્રમ

નૃત્યમ સંસ્થા દ્વારા ભરત નાટ્યમ્‌ને અનુલક્ષી ઉગતા કલાકારોને તાલીમ આપવા એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપના અંતે આજે સેક્ટર-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે સાંજે ૬.૩૦ કલાકે પગરવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના મીતી ભટ્ટ અને વ્યોમા ભટ્ટના જણાવ્યા મુજબ વર્કશોપમાં તાલીમ મેળવેલા કલાકારો દ્વારા ભરત નાટ્યમ્ રજૂ કરવામાં આવશે. આ પ્રસંગે કલાકારોને પ્રોત્સાહિત કરવા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા તેમજ ભાવેશ એરડા ઉપસ્થિત રહેશે.

# આકાશમાં વાદળોની લૂપાછુપી વચ્ચે વાતાવરણમાં અસહ્ય બફારો

ગાંધીનગર, તા. ૨૬

પાટનગર ગાંધીનગર સહિત રાજ્યભરમાં છેલ્લા એક અઠવાડિયાથી ગરમીનો પારો ૬ ડીગ્રી નીચે આવ્યો છે. પારો નીચે આવતા વાતાવરણ વાદળછાયુ બની રહ્યું છે અને ભેજનું પ્રમાણ સતત વધતા રહિશો અસહ્ય ગરમી બફારા અને ઉકળાટને લીધે આખો દિવસ હેરાન પરેશાન થઈ રહ્યા છે. બીજી તરફ ગરમીનો પારો ૪૨-૪૩ ડિગ્રીની આસપાસ રહેતા બપોરના સમયે આકરો તાપ અનુભવાઈ રહ્યો છે.

વર્તમાન ઉનાળો બરોબર આકરો બનતા રહિશોના હાલ બેહાલ ઉડાડી દીધા છે. આગ ઓકતી ગરમી સામે રહિશો બેબસ બની ગયા છે. સૂર્યનારાયણદેવ સર્વત્ર કોપાઈમાન બન્યા હોય તેવુ લાગી રહ્યું છે. ગરમીએ ચાલુ વર્ષે તેના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ત્યારે રાજ્યભરમાં પડી રહેલી આકરી ગરમી છેલ્લા છ દિવસથી ઓછી થવા પામી છે. વાતાવરણમાં આવેલા આ બદલાવના લીધે દિવસભર વાદળછાયુ અને ધૂળીયુ બની રહ્યું છે. બીજી તરફ ગરમીનો પારો નીચે આવતા ભેજનું પ્રમાણ સતત વધી રહ્યું છે. પરિણામે રહિશો અસહ્ય ગરમીની સાથે સાથે ઉકળાટ અને બફારો અનુભવી રહ્યા છે.

રાત્રી દરમિયાન લઘુત્તમ તાપમાન ૩૦ ડિ.સે.ની આસપાસ રહેતા આ પરિસ્થિતિ સર્જાઈ રહી છે. આજે ગાંધીનગરમાં મહત્તમ ગરમીનો પારો ૪૨ ડિ.સે. જ્યારે લઘુત્તમ પારો ૩૦ ડિ.સે. રહેવા પામ્યો અને ભેજનું પ્રમાણ સવારે ૬૩ ટકા તેમજ સાંજે ૩૧ ટકા નોંધાયું હતું. વાતાવરણમાં એક સાથે દિવસમાં બે-ત્રણ ઋતુઓ અનુભવાતા રહિશો પરેશાન થઈ ગયા છે. બીજી તરફ અસહ્ય બફારાએ લોકાના હોશ ઉડાડી દિધા છે.